જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૭/૦૧/૨૦૨૫ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૦/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૦ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦ બિયર ટીન, ૪ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૧/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૮૨/૨૦૨૫

ક્રાઈમ બ્રાન્ચઃ ચૈતન્ય ગણપતલાલ થુલા (ઉ.વ.૬૯) (રહે. સ્ટેટ બેંક ઓફીસર્સ સોસાયટી ચન્દ્રનગર પાસે નારાયણનગર) એ તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૪ થી તા.૦૫/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન અમરનાથ કો ઓપરેટીવ બેંક લિમેટેડની સ્ટેડીયમ રોડ બ્રાન્ચ ખાતે બેંકના અધિકારી સીનીયર એકઝીક્યુટીવ મેનેજર તરીકે નોકરી કરતા વિપુલકુમાર શૈલેષકુમાર પટેલ (રહે. અભિષેક એપાર્ટમેન્ટ ગણેશ વિદ્યાલય સામે નવા વાડજ) એ બેંકમાં આરટીજીએસ વખતે કરવામાં આવતી કામગીરી નહી કરી કુલ રૂપિયા ૨,૫૦,૫૭,૦૦૦/- પોતાના પર્સનલ તથા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરવા બેંકના ધ્યાને ના આવે તે રીતે તેઓના તાબામાં કામ કરતા કર્મચારીઓ પાસે એન્ટ્રી કરાવી તેમજ ટ્રાન્જેકશન માટે એક્સીસ બેંકના પોર્ટલ પરથી આવતો ઓટીપી મેળવી લઇ આરટીજીએસ એપ્રુવ કરી ટ્રાન્સફર કરી લઈ બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ-૪ પો.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૩/૨૦૨૫**

**વાસણાઃ** વત્સલ મહેન્દ્ર શુક્લ (રહે.વૃંદાવન કોલોની રત્નદીપ ફલેટની બાજુમાં ધરણીધર દેરાસરથી જીવરાજ મહેતા હોસ્પીટલ ચાર રસ્તા વાસણા) એ તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૧/૨૦૨૫ થી તા.૧૫/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૩,૯૩૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દુર્રાની ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૪/૨૦૨૫**

રામોલઃ ઠાકરશીભાઈ વાલજીભાઈ પટેલ (ઉ.વ.૬૫) (રહે. ગામ-પંઢરપુર તા-કડી જી-મહેસાણા) એ તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૧/૨૦૨૫ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઠાકરશીભાઈ પત્ની સાથે રામોલ ગોપીડેરીના ઢાળ થી કૃષ્ણધામ સોસાયટીના ગેટ સુધીની શટલ ઓટો રીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ ઠાકરશીભાઈની નજર ચુકવી થેલામાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૩,૭૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ મગનભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૫/૨૦૨૫**

**સરદારનગરઃ** પૂજાબહેન ડો/ઓ ગણપતભાઈ પુરબીયા (ઉ.વ.૨૦) (રહે. વાલ્મીકી વાસ મોદી કમ્પાઉન્ડ સૈજપુર ટાવર કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૫ સવારના ૯/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી